દાદા ભગવાન પરિવારનું

સપ્ટેમ્બર ૨૦૨૦

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



અક્રમ એક્સપ્રેસ

# સંપાદકીય

બાળમિત્રો,

કોઈ પણ વસ્તુ આપણે આપણી પાસે ત્યારે જ રાખીએ છીએ, જયારે એ આપણને બહુ જ ગમતી હોય. જો આવું વિચારીએ તો ભૂલો પણ આપણને બહુ ગમતી હોવી જોઈએ. એટલે જ તો એ આપણામાંથી જતી નથી. વર્ષો પછી પણ એ જ ગુસ્સો, એ જ ખોટું બોલવું, એ જ મારામારી...

ક્યારે છૂટીશું આપણે આ બધી ભૂલોમાંથી ?

જો ખરેખર આપણને આપણી ભૂલો ન ગમતી હોય અને એમાંથી છૂટવું હોય તો આ અંક જરૂર વાંચજો. તમને એના ઉપાયો મળશે જ.

તો આવો, આ અંક વાંચીએ અને ભૂલોને 'ટાટા, બાય-બાય' કરીએ.

– ડીમ્પલભાઈ મહેતા

# ભૂલો રાખવી છે?


Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2020, Dada Bhagwan Foundation
All Rights Reserved



વર્ષ : ૧૩, અંક : ૧
સળંગ અંક : ૧૪૫
સપ્ટેમ્બર ૨૦૨૦



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...



દાદાશ્રી : કેટલાક તો ભૂલને જાણે છતાં એને સ્વીકારે નહીં અને ઉપરથી કોઈ વઢે તો સામુ બોલે કે 'મેં કંઈ એવું નથી કર્યું..' અથવા તો તરત બીજા પર ઢોળી દે કે 'એ તો એણે એવું કર્યું.' અલ્યા, તારે ભૂલને રાખવી છે ?

પ્રશ્નકર્તા : ના.

દાદાશ્રી : તો તેને ઢાંકે છે કેમ ? એનું રક્ષણ કરે પછી તે શી રીતે જાય ?

પ્રશ્નકર્તા : દાદા, એવું કેમ થઈ જાય છે ?

દાદાશ્રી : પોતાની આબરૂ સાચવવા માટે, બીજું શું ? 'કોઈ મારા માટે કેવું વિચારશે ? શું વિચારશે ? હું કેવો દેખાઈશ ?' એવા વિચાર આવે એટલે ભૂલોનું રક્ષણ થઈ જાય અથવા બીજા પર ઢોળી દેવાય. બુદ્ધિ તરત ભૂલોને ઢાંકી દે. અલ્યા, ઉઘાડી કર ને એને.

પ્રશ્નકર્તા : ઉઘાડી કઈ રીતે કરવી દાદા ?

દાદાશ્રી : કોઈ આપણી ભૂલ બતાવે તો તરત આપણે સ્વીકારીએ કે 'હા, મારી ભૂલ છે. હવેથી ધ્યાન રાખીશ.' આ તો ઊલટું આપણે કહીએ છીએ કે 'કંઈ વાંધો નહીં' એટલે ફસાયા. એક ફેરો આવું કહી દઈએ, એટલે ભૂલ જાણે કે આ ઘર સારું છે. આણે તો આપણો બચાવ કર્યો, એટલે તે જાય નહીં. પછી એ કાયમી થઈ જાય. ભૂલનો પક્ષ લે છે ત્યાં પોતાને ભાન નથી થતું કે આ હું ભૂલનું રક્ષણ કરું છું. જો આવું ના કરે તો ભૂલ એના ટાઈમે ઊડીને ઊભી રહે.

કોઈ આપણી ભૂલ કાઢે તો એનો બહુ ઉપકાર માનવો કે મને દેખાતું નહોતું અને એણે મને દેખાડ્યું. આપણે એવી રીતે ભૂલ સ્વીકાર કરીએ તો ભૂલ સહેલાઈથી જાય.

એક્વાર ભૂલનું રક્ષણ કરીએ એટલે એનું આયુષ્ય ૨૦ વર્ષ વધી જાય.






# આ તો જ નવી વાત!



જ્ઞાની પુરૂષ સિવાય આપણી ભૂલ કોઈ ન ભાંગી આપે.

ભૂલ ખુલ્લી
કરવાથી હૃદય
ખુલ્લું થઈ જાય.
હલકું થઈ જાય.





ભૂલનું રક્ષણ કરીએ તો
૨ પ્રતિક્રમણ કરવા પડે.
એક ભૂલ થઈ એનું
અને બીજું એનું રક્ષણ
કર્યું એનું. તો એ જાય.

"હાશ ! એ લોકો વર્તમાનમાં પાછા આવી ગયા," 'હેરી પોર્ટર એન્ડ પ્રિઝનર ઓફ અઝકાબન' મૂવીનો છેલ્લો સીન જોઈને રીષાને રાહત થઈ. એણે વેફરનો છેલ્લો ટુકડો મોમાં મૂક્યો અને ટી.વી.ની સ્વીચ બંધ કરી.

"આવા કોઈ ટાઈમ-ટર્નરથી ભૂતકાળ અને ભવિષ્યકાળ જોવા મળે તો કેવી મઝા પડે !" નેત્રી તો મૂવીમાં જોયેલા ટાઈમ-ટર્નરના ખયાલોમાં ખોવાયેલી હતી.

મૂવીમાં તલ્લીન બની ગયેલો સિદ્ધાર્થ ખુરશીના કિનારે આવી ગયો હતો. "હા..લાઈફમાં રોમાંચ આવી જાય !" રીષાની વાતથી સિદ્ધાર્થ સહમત થયો.

# ટાઈમ ટર્નર

"રીલેક્સ સિદ્ધાર્થ, મૂવી પતી ગઈ છે." વ્યોમે હસતા હસતા ટકોર કરી, "અને રોમાંચ માટે ટાઈમ ટર્નરની શી જરૂર છે ? આપણી ગોવા ટ્રીપથી વધુ રોમાંચક શું હોઈ શકે !"

ગોવાનું નામ સાંભળીને બધાના ચહેરા પર ચમક આવી ગઈ. પહેલીવાર વેકેશનમાં ચારેય કઝીન્સ ગોવા ફરવા જવાના હતા.

"આઈ કાન્ટ વેટ ટુ સી 'ધ ગોવા કાર્નિવલ.' થેન્ક્સ વ્યોમ, તું છે તો અમને બધાને પરમીશન મળી છે. અમારો ડાહ્યો ડાહ્યો ભઈલો" નેત્રીએ પોતાના મોટા કઝીન ભાઈના ગાલ ખેંચ્યા.

"ઠીક છે, ઠીક છે," વ્યોમે નેત્રીના હાથ હટાવ્યા, "બસ કાલે સવારે બધા ટાઈમસર તૈયાર થઈ જજો. બરાબર સાત વાગે આપણે નીકળી જઈશું."

"વ્યોમ સાહેબ, તમે ટાઈમસર તૈયાર થઈ જજો. અમે તો તૈયાર જ હોઈશું." રીષાએ કટાક્ષમાં કહ્યું.

ત્યાં તો ડોરબેલ વાગી. "લાગે છે રિદ્ધિમામી (નૈત્રીની મમ્મી) આવી ગયા," કહી રીષાએ દરવાજો ખોલ્યો.

"હાય બેટા," મામીએ ટેબલ પર પર્સ મૂક્યું અને આમ તેમ નજર ફેરવી. ઘર અસ્ત-વ્યસ્ત પડેલી વસ્તુઓ જોઈને એમને અકળામણ થઈ. "આ શું નેત્રી ? આ આઈસ્ક્રીમ આમ પડ્યો છે, નાસ્તાની પ્લેટસ આમ રાખી



છે ! કેટલીવાર તને કહ્યું કે ઘરમાં થોડું ધ્યાન રાખ. બધું અસ્ત-વ્યસ્ત ના રાખ,'' ઘરમાં દાખલ થતા જ મમ્મીએ ઠપકો આપ્યો.

''ઓહ મમ્મી, મૂવી એટલું ઈન્ટરેસ્ટિંગ હતું કે ધ્યાન જ ના રહ્યું. તને ખબર છે મૂવીમાં ટાઈમ-ટર્નર હતું.'' નેત્રીએ મમ્મીનું ધ્યાન બીજે દોરવાની કોશિશ કરી. નેત્રીની મમ્મીને વધુ અકળામણ થઈ. વસ્તુઓને જેમ તેમ મૂકી રાખવાની આદત કરતા પોતાની ભૂલોનો બચાવ કરવાની નેત્રીની ટેવ પર એમને વધારે ગુસ્સો આવ્યો. ''નેત્રી, જો તું બહાના કાઢવાને બદલે તારી ભૂલોનો સ્વીકાર કરીશ તો ભૂલોમાંથી છૂટી શકીશ. જો ભૂલનો જ પક્ષ લીધા કરીશ, તો ભૂલો ક્યારેય તારો પીછો નહીં છોડે.''

''પ્લીઝ મમ્મી, હવે મને કોઈ લેક્ચર ના આપીશ.'' નેત્રીએ સામો જવાબ આપ્યો.

વ્યોમ અને રીષાએ તરત નાસ્તાની પ્લેટસ અને આઈસ્ક્રીમ કપ્સ ઊઠાવીને રસોડામાં મૂક્યા.

નેત્રીની વર્તણુક જોઈને મમ્મીને નિરાશા થઈ. એમણે ઊંડો શ્વાસ લીધો અને સ્વસ્થ થઈને કહ્યું, ''સારું બેટા, હું ગરમા ગરમ ડીનર બનાવું છું. કાલની ગોવા ટ્રીપ માટે બધા રેડી છો ને ?''



બીજા દિવસે સવારે જ્યારે બધા નીકળવા માટે તૈયાર હતા, ત્યારે નેત્રી થોડી મૂંઝાયેલી હતી.

''રીષા, મને મારું ફેવરીટ પિંક ટી-શર્ટ નથી મળી રહ્યું.'' નેત્રીએ એના કપડા આમ-તેમ ઊથલાવ્યા.

''કપડાં ગોઠવીને મૂક્યા હોય તો...''

રીષાનું વાક્ય પતે એ પહેલા તો નેત્રીનું બહાનું તૈયાર હતું, ''ગયા અઠવાડિયે પરીક્ષા હતી એટલે મને ગોઠવવાનો ટાઈમ ના મળ્યો. બાકી હું તો બધું ગોઠવીને જ રાખતી હોઉં છું.''

''અફકોર્સ મીસ પરફેક્ટ, તારી સાથે આર્ગ્યુમેન્ટમાં કોણ જીતી શકે. આ લે તારું ટી-શર્ટ,'' કપડાંની થપ્પીની નીચે દબાયેલું ટી-શર્ટ રીષાએ બહાર ખેંચ્યું.

બેગમાં ટી-શર્ટ ખોસીને બંને બહાર ભાગ્યા, ''ચાલો લેટ્સ ગો...વી આર રેડી !''

સોહામણા વાતાવરણ અને સુંદર હરિયાળીની મઝા માણતા ચારેયની સવારી સાંજે ગોવા પહોંચી.

બીજા દિવસે સવારે ચા-નાસ્તો પતાવીને ટોળકી ગોવા-કાર્નિવલ જોવા નીકળી પડી. હવામાં રંગબેરંગી ફુગ્ગાઓ ઝૂમી રહ્યા હતા. પરેડમાં શણગારેલા ઘોડા-ગાડી, સુંદર સજાવટવાળા ફ્લોટ્સ અને રંગબેરંગી પોશાક પહેરીને ડાન્સ કરતા કલાકારોને જોવાની સહુને મજા પડી.

પરેડ જોયા પછી, બધા આજુબાજુ ઊભા કરેલા સ્ટોલ્સ પર લટાર મારવા નીકળી પડ્યા.

નેત્રીની નજર એક જગ્યાએ અટકી, "ટાઈમ-ટર્નર" ગોલ્ડન બ્રાઉન કલરના પડદા પર મોટા અક્ષરે લખ્યું હતું.

"લુક એટ ધેટ..." નેત્રીએ એના કઝીન્સને ઊભા રાખ્યા, "જુઓ, ત્યાં લખ્યું છે કે ટાઈમ ટર્નરની મદદથી તમારા ભૂતકાળ અને ભવિષ્યકાળને જાણો."

"આ બધું ફાલતું હોય !" વ્યોમે ટકોર કરી. પણ નેત્રીનું ધ્યાન તો એ સ્ટોલ પર સ્થિર થઈ ગયું. "મારે એકવાર જોવું છે. શું ખબર સાચું પણ હોય !"

"ઓ.કે...તો તું અને રીષા ત્યાં જાઓ..સિદ્ધાર્થ અને હું એક આંટો મારીને આવીએ," કહી નેત્રીના ભાઈઓ ત્યાંથી છટકી ગયા.

પીળા અને ગુલાબી રંગના સ્કાર્ફમાં સજ્જ એક વૃદ્ધ સ્ત્રીએ બંને છોકરીઓને 'ટાઈમ-ટર્નર' સ્ટોલમાં આવકારી. રીષા અને નેત્રી ધીમા પગલે સ્ટોલમાં પ્રવેશ્યા. સૂર્યના પ્રકાશમાં ચમકતા ટાઈમ ટર્નરને જોઈને નેત્રીની આંખોમાં ચમક આવી ગઈ. એણે ઉત્સાહપૂર્વક પૂછ્યું. "શું આ એ જ ટાઈમ ટર્નર છે, જે હેરી પોર્ટર મૂવીમાં હતું ?"

વૃદ્ધ સ્ત્રીએ એક આઈ-બ્રો ઊંચી કરીને ગંભીર શબ્દોમાં કહ્યું, "આ 'ટાઈમ-ટર્નર' તારું ભૂતકાળ અને ભવિષ્યકાળ બતાવશે." નેત્રીના ચહેરા પર થોડી મૂંઝવણ જણાઈ.

"શું કરું ?" નેત્રીએ ઈશારાથી રીષાને પૂછ્યું. એની જિજ્ઞાસા જોઈને રીષાએ એને આગળ વધવાનો ઈશારો કર્યો.

"સારું, મારે જોવું છે કે વીસ વર્ષ પછી મારું જીવન કેવું હશે" નેત્રીએ વૃદ્ધ સ્ત્રીને કહ્યું.

"સરસ ! તો તૈયાર થઈ જા તારું ભવિષ્ય જોવા માટે !" વૃદ્ધ સ્ત્રીએ નેત્રીને આંખો બંધ કરવા કહ્યું. એણે નેત્રીના ગળામાં એક ચેઈન પહેરાવી અને કળી ના શકાય એવા શબ્દોનું ઉચ્ચારણ કર્યું. થોડી જ ક્ષણોમાં નેત્રી એક અલગ દુનિયામાં પહોંચી ગઈ. લગભગ પાંત્રીસ વર્ષની સ્ત્રી એક ઓફિસ કેબિનમાં બેઠી હતી.

"અરે, આ તો હું જ છું ?" પોતાનો ભાવિ દેખાવ જોઈને નેત્રીને થોડું અજુગતું લાગ્યું. અસ્તવ્યસ્ત પડેલા ફાઈલોના ઢગલામાં નેત્રી કંઈક શોધી રહી હતી. "હે ભગવાન ! ક્યાં ગઈ એ ફાઈલ, અહીંયા જ તો મૂકી હતી."

ત્યાં તો ફોનની ઘંટડી વાગી. "હા, સર. હા સર...હું એ જ શોધી રહી છું." નેત્રીના અવાજમાં ચિંતા હતી.

સામેથી અવાજ આવ્યો, "મિસ નેત્રી, અમને તમારા માટે સહાનુભૂતિ છે. પણ હવે આ કામ અમારે કોઈ બીજાને સોંપવું પડશે. જો તમારી ફાઈલ સમયસર સબમિટ થઈ ગઈ હોત તો આવું ના બન્યું હોત !"

"પ્લીઝ સર. મને એક ચાન્સ આપો. હું કાલ સુધી ચોક્કસ સબમીટ કરી દઈશ." નેત્રીએ આજીજી કરી.

"સોરી મિસ નેત્રી."

અને ફોન કપાઈ ગયો. નાસીપાસ બનેલી નેત્રીની આંખોમાંથી આંસુ સરી પડ્યા.

પોતાનું આવું ગમગીન ભવિષ્ય જોઈને નેત્રી હેબતાઈ ગઈ, "શું મારી લાપરવાહી વીસ વર્ષ પછી પણ મારો પીછો નહીં છોડે ?" થોડી ક્ષણોમાં એ વર્તમાનમાં પાછી ફરી.

નેત્રીનો ઉદાસ ચહેરો જોઈને રીષાએ પૂછ્યું, "શું થયું ? બધું બરાબર છે ને ?"

નેત્રીને કંઈ જવાબ ના સૂઝ્યો. "હા" એણે ટૂંકમાં કહ્યું.

વૃદ્ધ સ્ત્રીને પૈસા ચૂકવી, બંને સ્ટોલની બહાર નીકળ્યા. બહારની તાજી હવામાં નેત્રીએ ઊંડો શ્વાસ લીધો. ત્યાં તો વ્યોમ અને સિદ્ધાર્થ ત્યાં આવી પહોંચ્યા.

"તારું જાદુ મંત્ર પતી ગયું હોય તો જઈશું ?" વ્યોમે ટીખળ કરી.

નેત્રી સાવ ગુમસુમ થઈ ગઈ હતી. કંઈ જવાબ આપ્યા વગર એ આગળ ચાલવા લાગી. સાંજે બીચ પર જ્યારે બધા કઝીન્સ મસ્તી કરી રહ્યા હતા, ત્યારે નેત્રી પોતાના ભવિષ્યના વિચારોમાં ખોવાયેલી હતી.

બીજા દિવસે બધાએ ગોવાની ઐતિહાસિક જગ્યાઓની ટુર કરવાનો પ્લાન બનાવ્યો.

"ગેટ અપ વ્યોમ, આપણે બસ મીસ કરી દઈશું." રીષાએ વ્યોમને ઢંઢોળ્યો. પણ આગલા દિવસનો થાકેલો

પાકેલો વ્યોમ ઊઠવાનું નામ જ નહોતા લેતો. જ્યારે બધા તૈયાર થઈને બસ સ્ટેન્ડ પર પહોંચ્યા ત્યારે બસ નીકળી ચૂકી હતી.

"બીજી બસ હવે એક કલાક પછી મળશે." ટુર ગાઈડે જણાવ્યું.

"આ બધું તારા કારણે થયું વ્યોમ," રીષા, વ્યોમ પર અકળાઈ ગઈ. "તારી મોડા ઊઠવાની આદતના કારણે આપણી બસ મીસ થઈ ગઈ."

"સોરી રીષા, હું જાણું છું કે એ મારી નબળાઈ છે." વ્યોમે સરળતાથી પોતાની ભૂલ સ્વીકારી લીધી. આ જોઈ નેત્રીને નવાઈ લાગી. એને વિચાર આવ્યો, "વ્યોમની જગ્યાએ હું હોત તો મેં કેટલા બહાના બનાવ્યા હોત."

તે દિવસે રાત્રે બધા પાછા જવાની તૈયારી કરી રહ્યા હતા.

વ્યોમ પાસે આવીને નેત્રીએ ધીમા અવાજે કહ્યું, "વ્યોમ, એક પ્રશ્ન પૂછું ?"

"એમાં શું પૂછવાનું ? પૂછ ને !" વ્યોમ બેગમાં કપડા ગોઠવી રહ્યો હતો.

"આજે સવારે કેટલી સહેલાઈથી તેં તારી ભૂલ સ્વીકારી લીધી. શું તને બહાના બનાવવાનું મન ના થયું ?"

વ્યોમને સહેજ હસવું આવ્યું. નેત્રીને પોતાની પાસે બેસાડીને એણે કહ્યું, "નેત્રી, ભૂલોને સ્વીકારવાથી મને બહુ હલકું અને મુક્તતા લાગે છે. બીજા સામે સારા દેખાવા માટે જ્યારે આપણે ભૂલોને ઢાંકીએ છીએ, ત્યારે આપણને ભાર લાગે અને સામાને પણ અકળામણ થાય. અને જે ભૂલનું આપણે રક્ષણ કરીએ, એ ભૂલ આપણને કેવી રીતે છોડે ?"



નેત્રીને ટાઈમ-ટર્નરમાં જોયેલું પોતાનું ભવિષ્ય ફરી દેખાયું અને વિચાર આવ્યો, "જો કાયમ મારી ભૂલનું રક્ષણ કર્યા કરીશ તો વીસ વર્ષ પછી પણ મને એ ભૂલ નહીં છોડે અને મારું જ નુકસાન થશે. હવેથી હું પણ મારી ભૂલોને સ્વીકારી લઈશ." આ નિશ્ચય થતાં જ નેત્રીના ચહેરા પર એક સ્મિત ફરક્યું.

"શું થયું નેત્રી ?" નેત્રીનું વર્તન જોઈને વ્યોમને નવાઈ લાગી.

"કંઈ નહીં વ્યોમ. તારો સરળ ઉપાય બતાવવા માટે થેન્કસ !" નેત્રીના ચહેરા પરનું સ્મિત ખસ્યું નહોતું.

ગોવાથી પાછા ફરીને, નેત્રીના કઝીન્સ પોતપોતાને ઘરે જવા રવાના થયા.

સાંજનો સમય હતો. હંમેશની જેમ નેત્રી સોફા પર લંબાવીને ટી.વી. જોઈ રહી હતી. ગોવા ટ્રીપમાં પહેરેલા કપડાં એણે બેગમાંથી કાઢ્યા નહોતા.

"નેત્રી બેગમાંથી વાસ આવવાનું શરૂ થાય પછી તું કપડાં ધોવા નાંખીશ ?" મમ્મીએ ટકોર કરી.


'હું બહુ થાકી ગઈ છું' એમ એ કહેવાની જ હતી, ત્યાં તો એને પોતે કરેલો નિશ્ચય યાદ આવ્યો. "સોરી, મમ્મી. હું હમણાં જ કપડાં ધોવા નાખી દઉં છું."

નેત્રીના આ શબ્દો સાંભળીને મમ્મીને આશ્ચર્ય થયું.

પોતાની ભૂલનો સ્વીકાર કરીને નેત્રીને સાચે જ એક અનેરી શાંતિ લાગી. એને થયું, "ટાઈમ ટર્નરથી હું ભૂતકાળમાં જઈને મારી ભૂલો તો નહીં સુધારી શકું પણ વર્તમાનની ભૂલોને સુધારવાનો એક નવીન ઉપાય મને મળી ગયો છે. જે ચોક્કસ મારા ભવિષ્યનો લાઈફ-ટર્નર સાબિત થશે."

અને એણે બેગમાંથી કપડાં કાઢીને મશીનમાં ધોવા નાખ્યા.

# પસંદગી


બાથરૂમના અરીસા સામે જોઈ પ્રીતલે પોતાની સ્પીચ તૈયાર કરી.
થેન્ક યુ પ્રિન્સિપલ સર, થેન્ક યુ ટીચર્સ. આ તક આપવા માટે હું આપની ખૂબ ખૂબ આભારી છું. હું વચન આપું છું કે હું આપણી શાળાનું ગૌરવ બનીશ.
પ્રીતલ, બહાર નીકળ. આ બધું નાટક સ્કૂલે પહોંચીને કરજે. સ્કૂલ બસ આવી જશે.
વ્હોટ ડુ યુ મીન બાય નાટક ? હું તો બાથરૂમ સાફ કરતી હતી. બાય ધ વે, તેં મારું પ્રોજેક્ટ ડ્રોઈંગ રેડી કર્યું ?
યસ મેડમ...રેડી છે. ટેબલ પરથી લઈ લે.
પ્રીતલનું પ્રોજેક્ટ ડ્રોઈંગ જોઈ ટીચર ખૂબ રાજી થયા.
ગ્રેટ જોબ પ્રીતલ !! દર વખતની જેમ આજે પણ તારું કામ બહુ સરસ છે.
થેન્ક યુ મેડમ.
જે કામ એને આવડતું નહોતું એ કામનો શ્રેય પ્રીતલે આસાનીથી લઈ લીધો. પોતાની કોઈપણ ખામીનો સ્વીકાર કરવો પ્રીતલ માટે અશક્ય હતું.
નતાશા, આજે ફરીવાર તારા ડ્રોઈંગમાં કોઈ બરકત નથી. પ્રીતલ પાસેથી કંઈક શીખ.
સોરી મેડમ.


પ્રીતલને ટીચરની કોઈ વાતમાં રસ નહોતો. દર પાંચ મિનિટે એની નજર ઘડિયાળ તરફ જતી હતી. આખરે એ ઘડી આવી ગઈ.
પ્રિન્સીપલ સરે સહુને એક ખાસ જાહેરાત માટે સ્કૂલ એસેમ્બલીમાં બોલાવ્યા છે.
એસેમ્બલી હોલમાં પ્રિન્સિપલ સરે ઘોષણા કરી,
વેલકમ એવરીવન. 'સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામમાં' નતાશાનું સિલેક્શન થયું છે. આપણે સહુ નતાશાને એવી શુભેચ્છાઓ પાઠવીએ કે આવતા છ મહિનાનો સમય એની જિંદગીનો એક સુવર્ણકાળ બનીને રહે.
આખો હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યો. પ્રીતલને જબરજસ્ત આંચકો લાગ્યો. એના હોશ ઉડી ગયા.
બાકીનો દિવસ એણે જેમ તેમ કરીને ગાળ્યો. સ્કૂલ પછી એ પ્રિન્સિપલ સરની કેબિન પર ગઈ.
મે આઈ કમ ઈન સર ?
પ્રીતલની આંખોમાં આંસુઓ હતા.
મારી સાથે આવો અન્યાય ? બધાં જ સબ્જેક્ટમાં મારા સ્કોર્સ પરફેક્ટ છે. છતાંય તમે મને સિલેક્ટ ના કરી સર ?



પ્રિન્સિપલ સરે પ્રીતલને પાણીનો ગ્લાસ ધર્યો.
બેટા, મારી ચકાસણીનું ધોરણ એ નહોતું કે મારી સ્ટુડન્ટ પરફેક્ટ હોય. હું તો એવી સ્ટુડન્ટની શોધમાં હતો જેનામાં ભૂલો હોય પણ સાથે સાથે ભૂલોને ઓળખીને સ્વીકારવાની ક્ષમતા પણ હોય.
વર્ષો જૂની આ વાત છે. એક વિદ્વાન પંડિત મરણ પથારીએ હતા. પોતાની વિદ્યાની ધરોહર સોંપવા એમણે પોતાના એકસો મહા-સમર્થ છાત્રોમાંથી એક એવા છાત્રની પસંદગી કરી કે જે ના યોગ્ય સાધના કરતો કે ના પ્રાર્થના.
પ્રીતલ ધ્યાનથી સરની વાત સાંભળી રહી હતી.
બાકીના નવ્વાણું વિદ્યાર્થીઓ ખૂબ રોષે ભરાયા. તારી જેમ એમને પણ થયું કે એમની સાથે બહુ મોટો અન્યાય થયો.
વિદ્યાર્થીઓની ફરિયાદ સાંભળીને પંડિતે વિદ્યાર્થીઓને પોતાની પસંદગી પાછળનો આશય કહ્યો.


તમે સહુએ હંમેશા તમારા સારા ગુણોનું પ્રદર્શન જ કર્યું છે. ક્યારેય તમારી ભૂલો ઉઘાડી થવા જ દીધી નથી. હું તમને ઓળખું છું જ ક્યાં ?
એટલે મેં એવા છાત્રની પસંદગી કરી જેણે હંમેશા પોતાની ભૂલો મારી આગળ ખુલ્લી કરી અને જેની મને યોગ્ય ઓળખાણ પડી.
દીકરા, ભૂલો ઢાંકીને આબરૂ વધારવાની કિંમત નથી, પણ ભૂલોને ખુલ્લી કરી ભૂલોમાંથી પાછા ફરવાની કિંમત છે. સમજાયું તને ?
હા સર....
ભૂલોને ખુલ્લી કરવાનો નિશ્ચય થતાં જ પ્રીતલે હળવાશ અનુભવી.



# જીવંત ઉદાહરણ

યુવાનીના દિવસોમાં ગાંધીજી પર એમના એક મિત્રના સંગની ખોટી અસર થઈ. મિત્રના આગ્રહથી ગાંધીજીએ મટન ખાવાનું શરૂ કર્યું ! પહેલી વાર મટન ખાધા પછી એમને લાગ્યું જાણે પેટમાં બકરી રડી રહી હોય. મિત્રની સોબતમાં ગાંધીજી સિગરેટ પીવાનું પણ શીખી ગયા. સિગરેટના પૈસા ભેગા કરવા માટે ક્યારેક તેઓ નોકરોના પૈસા પણ ચોરી કરતા. એકવાર એમણે પોતાના ભાઈના હાથના કડામાંથી થોડું સોનું વેચી નાખ્યું !

ગાંધીજીના દિલ પર આ બધા ખોટા કાર્યોનો ખૂબ ભાર રહેતો હતો. એમણે પોતાનું કપટ પિતા સામે ખુલ્લું કરી, માફી માંગવાનું નક્કી કર્યું. પણ પિતાનો સામનો કરવાની એમનામાં હિંમત નહોતી. તેથી તેઓએ પોતાની બધી જ ભૂલો એક પત્રમાં લખીને પિતાજીને આપી. સાથે સાથે, પોતાને યોગ્ય સજા આપવાની વિનંતી પણ કરી. બિમાર પિતાને પત્ર આપીને તેઓ ચૂપચાપ એમના પલંગ પાસે ઊભા રહ્યા.

પત્ર વાંચતા જ પિતાની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. આ જોઈ ગાંધીજીનું દિલ તૂટી ગયું. પિતાનું દિલ દુભાવ્યા બદલ એમને અત્યંત પસ્તાવો થયો. તે જ સમયે, એમણે જીવનમાં ક્યારેય પણ આવી ભૂલો ફરીથી ન કરવાનો દ્રઢ નિશ્ચય કર્યો અને એ નિશ્ચયને અંત સુધી સિન્સિયર રહ્યા. પત્ર વાંચ્યા પછી પિતાએ ન ગુસ્સો કર્યો કે ન ઠપકો આપ્યો. તેઓ મૌન રહ્યા. પોતાના પુત્રને માફ કરી દીધો છે, એમ દર્શાવવા તેમણે પત્ર ફાડી નાંખ્યો ! પિતાને આવો અદ્‌ભૂત પ્રેમ ગાંધીજીને સ્પર્શી ગયો.

ગાંધીજી આપણા જેવા એક સાધારણ મનુષ્ય હતા. પણ નાની ઉંમરમાં પોતાની ભૂલોને ભાંગવા માટે એમણે જે રસ્તો અપનાવ્યો, તેનાથી તેઓ અસાધારણ મનુષ્ય બન્યા. એમને સમજાઈ ગયું હતું કે ભૂલોનો સ્વીકાર કરી, પશ્ચાતાપ લઈને, માફી માંગવાથી ભૂલોમાંથી છૂટકારો મેળવી શકાય છે.

# ચાલો રમીએ...?

કયો શબ્દ ઉપર-નીચે જોઈએ કે આગળ-પાછળ જોઈએ તો પણ સરખો જ રહેશે. યોગ્ય રીતે ગોઠવો.

**MSIWS**

ત્રણ અક્ષરનો અંગ્રેજી શબ્દ છે પણ બે અક્ષર જ વપરાય છે અને સંભળાય છે એક અક્ષર. જે આપણા શરીરનું એક અંગ છે.

કયો અંગ્રેજી શબ્દ જ્યારે કેપીટલ લેટરમાં લખીએ તો આગળ પાછળ અને ઉપર નીચે સરખું જ દેખાય ?

## નીચે આપેલ ચિત્રમાંથી ૧૨ તફાવત શોધો.



**પઝલના જવાબ :**

1. ƧMIWƧ
2. ƎYƎ
3. ИOOИ


# ઐતિહાસિક ગૌરવગાથા...

શ્રેણિક રાજાના પિતા,રાજા પ્રસેનજિત, મગધ રાજ્ય પર રાજ કરી રહ્યા હતા. તેમના રાજ્યમાં લોહચૂર નામનો એક હોંશિયાર ચોર રહેતો હતો. તે ખૂબ ચોરીઓ કરતો પણ કેમે કરી પકડાતો નહીં.

એકવાર એ જુગાર રમવા બેઠો. જુગારમાં જીતી જતા ખુશ થઈને એણે જીતેલી બધી મૂડી દાન આપી દીધી. ઘેર જતા એને ભૂખ લાગી. રાજમહેલ બાજુથી પસાર થતા એને સ્વાદિષ્ટ ભોજનની સુગંધ આવી. એનું મન લલચાયું.

'ચાલો આજનું જમણ રાજમહેલમાં લઈએ,' એણે વિચાર્યું.

લોહચૂર પાસે અદ્રશ્ય કરનારું એક આંજણ હતું. આંજણ લગાડી તે અદ્રશ્ય થઈ ગયો. તેણે રાજમહલમાં પ્રવેશ કયો. જોયું તો રાજા જમી રહ્યા હતા. તેણે એમની પાસે બેસી, એમની થાળીમાંથી જમવાનું ચાલું કર્યું. રાજમહલના શાહી જમણનો સ્વાદ એના દાઢમાં બેસી ગયો.



રાજભોગ માણી એ ઘરે તો આવ્યો પણ હવે એને ઘરનું જમણ તો ક્યાંથી ભાવે? તેથી તે રોજ આંજણની મદદથી રાજમહલમાં આવતો અને રાજાની થાળીમાંથી જમવા લાગ્યો !

હવે તો રાજાનું પેટ ભરાય એના પહેલા એમની થાળીમાંથી ખાવાનું બધું સફાચટ થઈ જતું. તેઓ વધારે લઈને ખાવા જાય એ પહેલા તો થાળીમાંથી સાફ થઈ ગયું હોય. શરમથી તેઓ વધારે માગી પણ નહોતા શકતા. આના કારણે થોડા દિવસોમાં એમનામાં અશક્તિ દેખાવા લાગી.

રાજાની આવી હાલત જોઈ એક દિવસ એમના મંત્રીએ એમને પૂછ્યું, "મહારાજ ! શું આપને કોઈ ચિંતા મુંઝવી રહી છે? આપનું શરીર કેમ નબળું દેખાય છે?"

રાજાએ ઢીલા સ્વરે જવાબ આપ્યો, "મંત્રીજી, વાત એવી છે કે થાળીમાં ઘણું બધું ખાવાનું લીધા ઉપરાંત પેટ ભરાતું નથી. જમવાનું હું ખાઉં એના પહેલા જ પૂરું થઈ જાય છે."

મંત્રી વિચારશીલ હતા. એમને થયું, "આ તો કોઈ દૈવી વિદ્યા હશે ? કે કોઈ અદૃશ્ય થઈને આવે છે ? આની તપાસ કરવી જોઈએ."

એમણે એક યુક્તિ કરી. ભોજન ખંડમાં જમીન પર ચંપાના સુકા ફૂલ પથરાવી નાખ્યા. જેવો ચોર આવ્યો અને તેના પગ જમીન પર પડ્યા કે

કરરરરર....અવાજ થયો. મંત્રી સતર્ક થઈ ગયા. એમણે તરત જ ખંડના બારણા બંધ કરાવી દીધા. પછી ખંડમાં ગૂંગળામણ થાય એવો ધુમાડો કર્યો. ચોરના આંખમાં ધુમાડો જવાથી આંખમાંથી પાણી આવવા લાગ્યા. આંજણ ધોવાઈ ગયું અને તે બધાને દેખાવા લાગ્યો. એને પકડીને રાજા સામે ઊભો કર્યો.

રાજાએ એને નગરમાં ફેરવી ફજેત કરવાની અને પછી ફાંસી આપવાની સજા કરી. ફાંસીનો સમય આવ્યો. લોહચૂર  રડવા લાગ્યો. એટલામાં જિનદત્ત નામના એક શેઠ ત્યાંથી નિકળ્યા. લોહચૂરની અવસ્થા જોઈ એમને દયા આવી.

તેઓ ચોર પાસે ગયા અને કહ્યું, "હે ચોર! કરેલા પાપોનું ફળ તો આપણને ભોગવવું જ પડે છે. પણ છેલ્લી ઘડીમા પણ જો તું પસ્તાવો કરે, તો તારો આવતો ભવ સુધરી જશે. માટે તું ચોરીના ભાવનો ત્યાગ કર."

લોહચૂર બોલી ઉઠ્યો, "મેં ચોરી પછી જેટલું સુખ માણ્યું એના કરતા આ દુઃખ બહુ વધારે છે. મેં જે પાપો કર્યા છે, એ બધા મને અત્યારે મારા આંખોની સમક્ષ તાજા દેખાય છે. જે મને ખૂબ ધ્રુજારી આપે છે. પણ શેઠ મને ખૂબ તરસ લાગી છે. મને થોડું પાણી આપો ને."

આ વાત રાજ આજ્ઞાથી વિરૂદ્ધ હોવાથી શેઠે પહેલા ટાળ્યું પણ પછી કહ્યું, "તું જીવનભર કરેલા પાપોની આલોચના કર."

શેઠે તેને પસ્તાવાથી દોષોમાંથી છૂટવાની વિધિઓ સમજાવી કહ્યું, "આનાથી તારા પાપોનો નાશ થશે. સર્વ જીવો સાથે મૈત્રી ભાવ રાખ અને નવકાર મંત્રનો જાપ કર. ત્યાં સુધીમાં હું તારા માટે પાણી લઈ આવું."

લોહચૂર, શેઠની કલ્યાણવાળી વાણીથી ગદગદ થઈ બોલ્યો, "શું ખરેખર મારા પાપોનો, આ નિયમ અને નમસ્કારથી નાશ થશે ?"

શેઠે કહ્યું, "આમાં કંઈ શંકા કરવા જેવું નથી. આ નવકારના સ્મરણથી કેટલાય મોટા પાપો નાશ પામે છે. એનું સ્મરણ કરનાર માણસ જ નહીં, પણ પશુ પણ સ્વર્ગને પામે છે." એમ કહી શેઠ જળ લેવા ઉપડ્યા.

જ્યારે શેઠ પાણી લઈને આવ્યા ત્યારે લોહચૂર મૃત્યુ પામી ચૂક્યો હતો.

લોહચૂર નવકારમાં એટલો લીન થઈ ગયો હતો કે તેણે પરમ શાંતિ અને સમાધિ અનુભવી. ત્યાં જ એનું આયુષ્ય પૂરું થયું અને એનો જન્મ દેવલોકમાં થયો.

કેવું છે આ પસ્તાવા અને નવકારમંત્રનું બળ કે આખો આવતો ભવ ફરી જાય...!



# મીઠી યાદેં...



એક આપ્તપુત્ર ભાઈ શનિ-રવિ વલસાડ સત્સંગ પૂરો કરીને દાદા-દર્શન પાછા આવ્યા. સોમવાર સવારે વલસાડના એક બ્રહ્મચારી ભાઈ પોતાના કામથી અમદાવાદ આવ્યા હતા, તેથી તેઓ દાદા-દર્શન આવેલા. પેલા આપ્તપુત્રભાઈને તેઓ મળ્યા. આપ્તપુત્રભાઈએ એમની સાથે સત્સંગ શરુ કર્યો. ત્યારે અંદાજે સવારના પોણા દસ વાગ્યા હશે. એમની દસ વાગ્યાથી પ્રેસ પર જવાની સેવા હતી. સાડા દસ વાગી ગયા હતા પણ એ આપ્તપુત્રભાઈ તો સત્સંગ જ કરતા રહ્યા.

ત્યાં એમને ફોન આવ્યો કે તાત્કાલિક કેમિસ્ટમાંથી કોઈ દવા લઈ આવવાની હતી. એમણે કહ્યું, "હું જઉં છું." પણ પછીય તેઓ સત્સંગ જ કરતા રહ્યા. અડધો-પોણો કલાક પછી ફરી એમને પૂછવા ફોન આવ્યો કે દવા લઈ આવ્યો ?

એમણે જવાબ આપ્યો કે "હજુ હું ગયો જ નથી,"

પૂછ્યું, "શું કરે છે ?"

એમણે જવાબ આપતા કહ્યું, "આ ભાઈ સાથે સત્સંગ કરું છું."

નીરુમાને જાણ થતાં એમણે એ આપ્તપુત્રભાઈને બોલાવ્યા અને ખખડાવ્યા, "અલ્યા, દસ વાગે પ્રેસ પર જવાનું હોય. હજી તો બે દિવસ સત્સંગ કરીને આવ્યો છે અને પાછો સત્સંગ ? આ તારી સત્સંગ કરવાની વાણીની ભૂખને જોજે. આ 'હું જાણું છું'નો અહંકાર કહેવાય. સત્સંગ કરવામાં પણ નોર્માલિટી રાખવાની છે. 'હું જાણું છું'નો અહંકાર વધી ગયો તો માર ખવડાવશે."

આમ નીરુમા સત્સંગના ભોગે આપણી આધ્યાત્મિક પ્રગતિ અટકતી તો નથી ને એની ખાસ કાળજી રાખતા.

તમને ખીલવવા માટે જેઓ મહેનત કરે છે તેઓને આજે Thank you કહેવાનું કેમ ભુલાય ? તો નીચેનામાંથી તમને જે ગમે તે બનાવો તમારા વ્હાલા શિક્ષકો ને gift કરો.

# My Creation




તમે બનાવેલ Teachers માટેની special gift ના photos અમને akramexpress4kids@gmail.com પર મોકલાવો. બેસ્ટ ક્રાફ્ટ Oct'20 ના અક્રમ એક્સપ્રેસમાં મૂકીશુ.










પઝલના જવાબ :



Akram Express

September 2020
Year : 13, Issue : 1
Conti. Issue No.: 145

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month

# અને છેલ્લે છેલ્લે...

“એક માણસે એટલું મોટું હોવું જોઈએ કે
૧) જે પોતાની ભૂલ સ્વીકારી શકે,
૨) એટલું સ્માર્ટ હોવું જોઈએ કે એમાંથી શીખી શકે અને
૩) એટલું સ્ટ્રોંગ હોવું જોઈએ કે એને સુધારી શકે.
- જહોન સી. મેક્સવેલ.”

“ભૂલોની કાયમ માફી મળે એવી હોય છે. ફક્ત આપણને એમને સ્વીકારવાની હિંમત હોવી જોઈએ.
- બ્રુસ લી”

“જો તમે તમારી ભૂલને નકારવામાં પ્રવૃત નહીં હો તો તમે અચૂક એમાંથી ઘણું બધું શીખી શકો છો.
- સ્ટેફન. આર. કોવેય”

“મેં ભૂલો કરી છે પણ એને ઢાંકવાની ભૂલ ક્યારેય નથી કરી.
- જેમ્સ ગોર્ડન બેન્ટ”

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.